No.DJMIT/Admin/Sarthi/xx
Date xx

# “સારથિ” સ્કોલરશીપ યોજના

1. DJMIT દ્વારા તા 15 ઓગસ્ટ 2020 ના સ્વતંત્રતા પર્વ પર DJMIT ની મહત્વાકાંક્ષી યોજના „સારથિ„ સ્કોલરશીપ યોજના„ ની મા. કલેકટર શ્રી આણંદ ના હસ્તે શરૂઆત કરવામાં આવેલ છે. „સારથિ„ સ્કોલરશીપ યોજના અંતર્ગત આણંદ જિલ્લા ના ધો 12 સાયન્સ ના જે વિદ્યાર્થી ઓ એન્જિનિરીંગ માં કારકિર્દી બનાવવા માંગતા હોય તેવા. વિદ્યાર્થી ઓ ને રૂ. 15,000/ ની સ્કોલરશીપ આપવા નો નિર્ણય કરવામાં આવેલ છે. સદર યોજના હેઠળ શરૂઆત માં 50 વિદ્યાર્થી ઓ ને મેરીટ ના આધારે, પસંદગી પ્રક્રિયા ને આધીન રહી સ્કોલરશીપ આપવામાં આવશે. ભૈવિષ્ય માં, જરૂર જણાયે, યોજના અંતર્ગત 10 માં એન્ડ 11 માં ના વિદ્યાર્થી ઓ ને તથા ખેડા જિલ્લા ના સ્કોલરશીપ ઓ ને પણ આવરી લેવા નું આયોજન છે.„સારથિ„ સ્કોલરશીપ યોજના અંતર્ગત 25% SC / ST વિદ્યાર્થી ઓ ને માટે રિઝર્વ રાખવામાં આવશે.
2. જે વિદ્યાર્થી ઓ ને, પાત્રતા પ્રમાણે સ્કોલરશીપ માટે અરજી કરવી હશે તેમણે જે તે સ્કૂલ ના પ્રિન્સિપાલ શ્રી મારફત અરજી કરવા ની રહશે. અથવા DJMIT જે તે સ્કૂલ ના પ્રિન્સિપાલ શ્રીનો અભિપ્રાય મેળવી લેશે. જે તે સ્કૂલ ના પ્રિન્સિપાલ શ્રી એ વિદ્યાર્થી દ્વારા મેમોરેન્ડમ ઓફ એગ્રીમેન્ટ (MOA) ના અનુપાલન ની બાંહેધરી અથવા જવાબદારી લેવી જરૂરી રહેશે તેમજ MOA ના અનુપાલન ના ભાગ રૂપે જે તે વિદ્યાર્થી તથા તેના તરફે તેના માતા, પિતા અથવા કાયદેસર ના વાલી તરફેથી જરુરી/નક્કી કરવામાં આવેલ રકમ નું જે તે સમયે અમલી હોય તેવું સ્યોરિટી ( surety) બોન્ડ આપવનું રહેશે. બોન્ડ ફોર્મટ સંસ્થા તરફ થી આપવામાં આવશે.
3. સમગ્ર યોજના સંબંધ માં, DJMIT નો અર્થ અને રેફેરેંસ Dr Jivraj Mehta Institute Of Technology , Mogar , Anand તથા તેનું મેનેજમેન્ટ તરીકે કરવાનો રહેશે તેમજ DJMIT ના અધિકૃત સ્વાક્ષરી કર્તા દ્વારા અથવા DJMIT ના સક્ષમ પ્રાધિકરણ દ્વારા DJMIT નું પ્રતિનિધિત્વ થઇ શકશે તેમજ માન્ય ગણવાનું રહશે. „સારથિ„ સ્કોલરશીપ યોજના„અંતર્ગત સ્કોલરશીપ મેળવનાર વિદ્યાર્થી ને યોજના સંબંધ„સારથિ„ સ્કોલર „તરીકે સંબોધવામાં આવશે. CENT નો અર્થ ( shall mean or refer to ) „ચારૂત્તર એડયુકેશન એન્ડ નવરચના ટ્રસ્ટ” રહેશે. „“સારથિ “ „ સ્કોલરશીપ યોજના ને „યોજના” કે “સ્કીમ” તરીકે પણ સંબોધવામાં આવેલ છે.
4. “સારથિ” સ્કોલરશીપ યોજના„ ની પસંદગી પ્રક્રિયા ( સિલેકશન પ્રોસેસ ) - જરૂર જણાયે, „સારથિ„ સ્કોલર „ની પ્રત્યેક વર્ષે મે / જૂને માસ માં અથવા યોગ્ય સમયે સ્ક્રીનીંગ પરીક્ષા દ્વારા અથવા અન્ય નોર્મ્સ (Norms ) દ્વારા મેરીટ ના આધારે પસંદગી કરવામાં આવશે.
5. “સારથિ” સ્કોલરશીપ યોજના„અંતર્ગત „સારથિ„ સ્કોલર „ ને મળવા પાત્ર લાભ ( benefits) / સગવડતાઓ ( comforts)–

A) ધો. 12 સાયન્સ ના જે વિદ્યાર્થી ઓ ને પાત્રતા પ્રમાણે, પસંદ થયે થી, રૂ. 15,000/ ( રૂ. પંદર હજાર ) પ્રતિ વિદ્યાર્થી આપવામાં આવશે.

B) “સારથિ” સ્કોલરશીપ યોજના„અંતર્ગત સ્કોલરશીપ મેળવનાર „સારથિ„ સ્કોલર „ ને, પૂર્વ નક્કી કરવામાં આવેલ શરતો ને આધીન રહી, DJMIT માં અભ્યાસ પૂર્ણ કાર્ય બાદ ભારત માં કોઈપણ યોગ્ય જગ્યા એ (PAN INDIA) સ્તર પર નોકરી/ સર્વિસ ની આશ્વાસન ( assurance ) અથવા સેલ્ફ એમ્પ્લોયમેન્ટ માટે સ્ટાર્ટ અ પ યુનિટ ઉભું કરવા માર્ગદર્શન કે ભલામણ કરવામાં

Dr. Jivraj Mehta Institute of Technology Mogar Anand

આવશે. પરંતુ સદર એસ્યોરન્સ જોબ / સર્વિસ ઓફેર કરનાર કંપની ની શરતો ના અનુપાલન ને આધીન તેમજ DJMIT દ્વારા સમયાંતરે નક્કી કરવામાં આવેલ શરતો ને આધીન રહેશે. આવી શરતો માં મુખ્યત્વે DJMIT કોલેજ માં હાજરી, વિદ્યાર્થી નું પરિણામ / યોગ્ય CPI, વિદ્યાર્થી ની ચાલ - ચલગત, શિસ્ત અને નિયમતતા, DJMIT દ્વારા સ્પોન્સર્ડ પ્રોગ્રામ / પ્રોજેક્ટસ માં કામગીરી કે પાર્ટીસિપેશન, વ્યક્તિત્વ વિકાસ, સફળતા પૂર્વક ઇન્ટરશીપ પુના કરવી જેવા અને અન્ય જોબ તથા પ્લેસમેન્ટ ને અસર કરતી બાબતો નો સમાવેશ રહેશે.

C) DJMIT દ્વારા ધો 12 ની ફાઇનલ પરીક્ષા ની પૂર્વ તૈયારી રૂપે મોક (Mock) તથા પ્રેક્ટીસ સેસન્સ ની વ્યવસ્થા કરવામાં આવશે. DJMIT મેનેજમેન્ટ ને યોગ્ય લાગશે તેવા પસંદગી ના ટોપિક્સ / વિષયો પર DJMIT કેમ્પસ માં વેકેશન અથવા શનિ વાર / રવિ વાર / રજા ના દિવસો અથવા સગવડતા પ્રમાણે વિના મુલ્યે / ફ્રી કોચિંગ કલાસિસ ની વ્યવસ્થા કરવામાં આવશે.

D) "સારથિ" સ્કોલર " ને તમામ 4 વર્ષ માટે, જેતે વર્ષ વર્ષ માં પાસ થવા ની શરતે, DJMIT ની વાર્ષિક ટ્યૂશન ફી ના ફક્ત 25% રકમ ફી પેટે ભરવાની રહેશે. તેમજ વિદ્યાર્થી અનુત્તીર્ણ (Fail) થયે થી જે તે સેમેસ્ટર પૂરતી ફક્ત 40% ફી આપવા ની રહેશે બીજા શબ્દો માં, "સારથિ" સ્કોલર " ને 4 વર્ષ ના અભ્યસ કાળ દરમ્યાન કુલ રૂ. 1 લાખ 80 હજાર ની સ્કોલરશીપ (ચાલુ ફી ફિક્ષેશન બ્લોક માં માન્ય ફી રૂ. 60,000/ પ્રતિ વર્ષ) આપવામાં આવશે.

E) SC / ST વિદ્યાર્થી ઓને આત્મનિર્ભર બનાવવા DJMIT દ્વારા અભ્યાસ ના 4 વર્ષ દરમ્યાન પ્રત્યેક વર્ષે રૂ. 15,000/ સ્પેશ્યલ સ્કોલરશીપ આપવામાં આવશે. સદર સ્પેશ્યલ સ્કોલરશીપ SC / ST વિદ્યાર્થી ઓને જે તે વર્ષ માં ઉત્તીર્ણ થવા અને જે તે વર્ષ દરમ્યાન સંબંધિત વિદ્યાર્થી, સરકાર શ્રી માં થી સ્કોલરશીપ કે ફ્રી શિપ કાર્ડ યોજના હેઠળ લાભ લેવા માટે પાત્ર હોવો જોઈશે અન્યથા જનરલ કેટેગરી પ્રમાણે 25% ફી ભરવાની રહેશે. SC / ST વિદ્યાર્થી ને સરકાર શ્રી માં થી મળવા પાત્ર સ્કોલરશીપ કે ફ્રી શિપ કાર્ડ યોજના હેઠળ સ્કોલરશીપ ની રકમ DJMIT ના બેંક એકાઉન્ટ માં જમા કરાવવાની રહેશે તથા સદર સ્કોલરશીપ રાખવાનો DJMIT નો અબાધિત અધિકાર રહેશે (shall be retained by DJMIT). SC / ST વિદ્યાર્થી ઓ માટે હોસ્ટેલ ફી માં 50% રાહત આપવામાં આવશે.

F) "સારથિ" સ્કોલરશીપ યોજના હેઠળ, વિદ્યાર્થી ઓને આત્મનિર્ભર બનાવવા DJMIT મેનેજમેન્ટ દ્વારા અન્ય સમાજ મંડળો / NRI organizations અથવા NRI / ઉદ્યોગો ની સ્પોન્સર શિપ દ્વારા આર્થિક સહાય કરવા નો પ્રયત્ન કરવામાં આવશે.

G) DJMIT "સારથિ" સ્કોલર ને ઇન્ટર્નશિપ મેળવવામાં અને પ્રોજેક્ટ વર્ક માં પ્રાયોરિટી (પ્રાધાન્ય) આપશે.

H) "સારથિ" સ્કોલર ને USA / કેનેડા માટે ઉચ્ચ અભ્યાસ અર્થે જવા માટે તેમજ DJMIT જે વિદેશ ની યુનિવર્સીટી સાથે કામ કરતી હશે તેમાં પ્રોજેક્ટ વર્ક / સર્ટિફિકેટ કોર્સ વિગેરે માટે સહાય કરવાનો પ્રયત્ન કરશે.

I) "સારથિ" સ્કોલર ને DJMIT માં અભ્યાસ પૂર્ણ કાર્ય બાદ, વિદ્યાર્થી ની ઈચ્છા પ્રમાણે પોતાનો ઉદ્યોગ સ્થાપવામાં, સેલ્ફ એમ્પ્લોયમેન્ટ કે સ્ટાર્ટ અપ ઇન્ક્યુબેશન માટે SICD સહાય કરશે

J) "સારથિ" સ્કોલર ને DJMIT માં અભ્યાસ દરમ્યાન અંગ્રેજી ભાષા પર પ્રાવીણ્ય (proficiency in English) મેળવવા તથા પર્સનાલિટી ડેવલપમેન્ટ માટે મદદ કરશે.

6. "સારથિ " " સ્કોલરશીપ યોજના અંતર્ગત "સારથિ " " સ્કોલર ની જવાબદારીઓ (Responsibilities/ Obligations) –

1) "સારથિ " " સ્કોલરશીપ યોજના અંતર્ગત શરતો ને આધીન રહી, સ્કોલરશિપ નો લાભ લેવા માંગતા વિદ્યાર્થી, વિદ્યાથી ના માતા પિતા અથવા કાયદેસર ના વાલી, અને DJMIT વચ્ચે દ્વિપક્ષીય મેમોરેન્ડમ ઓફ એગ્રીમેન્ટ (MOA) કરવાનો રહેશે અને સદર કરાર (Agreement) માં સ્કૂલ મેનેજમેન્ટ / પ્રિન્સિપાલ કંફર્મિંગ પાર્ટી (Confirming party) રહેશે.

Dr. Jivraj Mehta Institute of Technology Mogar Anand

2) "સારથિ " સ્કોલર દ્વારા કરાર પત્ર સ્વાક્ષરિત કર્યા બાદ , વિદ્યાર્થી એ કરાર પત્ર ની શરતો પ્રમાણે આગળ ની કાર્યવાહી કરવાની રહેશે . "સારથિ " સ્કોલર/વિદ્યાર્થી એ કરાર પત્ર પ્રમાણે રૂ. 15,000/ (પંદર હજાર ફક્ત ) અથવા મંજુર થયેલી અને વિદ્યાર્થી ને વિતરિત થયેલી સ્કોલરશીપ ની રકમ જેટલી રકમ નો સ્યોરિટી ( surety) બોન્ડ આપવાનો રહેશે જે ની ગેરંટી સ્કૂલ મેનેજમેન્ટ ની રહેશે . જો કોઈ "સારથિ " સ્કોલર/વિદ્યાર્થી સ્કીમ માં થી બહાર પડવા માંગે ( Exit ) તેવા કિસ્સા માં , સ્યોરિટી ( surety) બોન્ડ અને કરાર પત્ર ની શરતો ને આધીન રહી , "સારથિ" સર્વગ્રાહી રિવ્યૂ કમિટી ( Sarthi Plenary Review Committee OR PRC ) ની ભલામણ અનુસાર આગળ ની કાર્યવાહી કરવામાં આવશે. જો કોઈ કિસ્સા માં "સારથિ " સ્કોલર/વિદ્યાર્થી ધો. 12 ની HSC બોર્ડ ની પરીક્ષા માં અનુત્તીર્ણ / નાપાસ થશે તો વિદ્યાર્થીએ સ્કોલરશીપ ની રકમ તુરત પરત કરવાની રહેશે

3) "સારથિ " સ્કોલર/વિદ્યાર્થી માટે DJMIT માં વિદ્યાર્થી ની પસંદગી ત્રણ ની શાખા પૈકી વિદ્યાર્થી ના પ્રાધાન્ય પ્રમાણે ,FYBE ( એન્જીનીરીંગ નું પ્રથમ વર્ષ ) માં પ્રવેશ ( admission ) ની અરજી કરવી ( to seek admission) , નિયત પ્રવેશ પ્રક્રિયા દ્વારા પ્રવેશ મેળવવો ( to confirm admission) અને GTU ( ગુજરાત ટેક્નોલોજીકલ યુનિ ) માં એનરોલમેન્ટ કરાવવું ફરજીયાત રહેશે. તેમજ DJMIT ની જવાબદારી વહેલો તે પહેલો ના ધોરણે , વિદ્યાર્થી ની પસંદગી ની ત્રણ શાખા પૈકી વિદ્યાર્થી ના પ્રાધાન્ય પ્રમાણેની શાખા માં પ્રવેશ આપવાની રહેશે.

4) "સારથિ " સ્કોલર/વિદ્યાર્થીની જવાબદારી ( Obligation ) DJMIT એડમિશન હેલ્પ ડેસ્ક દ્વારા DJMIT કોલેજ ની પ્રથમ પસંદગી ની ચોઈસ ફિલિંગ કરી ને નિયત પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત DJMIT માં પ્રવેશ મેળવી એનરોલમેન્ટ સુધી ની પ્રક્રિયા કરવાની રહેશે તથા ફક્ત વિદ્યાર્થી ની પસંદગી ની ત્રણ ની શાખા પૈકી વિદ્યાર્થી ના પ્રાધાન્ય પ્રમાણે વહેલો તે પહેલો ના ધોરણે પ્રવેશ આપવાની જવાબદારી સંસ્થા ની રહેશે.

5) SC / ST વિદ્યાર્થી ઓને જે તે વર્ષ માં ઉત્તીર્ણ થવા અને જે તે વર્ષ દરમ્યાન સંબંધિત વિદ્યાર્થી , સરકાર શ્રી માં થી સ્કોલરશીપ કે ફી શિપ કાર્ડ યોજના હેઠળ લાભ લેવા માટે પાત્ર હોવો જોઈશે અન્યથા જનરલ કેટેગરી પ્રમાણે 25% ફી ભરવાની રહેશે. SC / ST વિદ્યાર્થી ને સરકાર શ્રી માં થી મળવા પાત્ર સ્કોલરશીપ કે ફી શિપ કાર્ડ યોજના હેઠળ સ્કોલરશીપ ની રકમ DJMIT ના બેંક એકાઉન્ટ માં જમા કરાવવાની રહેશે તથા સદર સ્કોલરશીપ રાખવાનો DJMIT નો અબાધિત અધિકાર રહેશે ( shall be retained by DJMIT) .SC / ST કેટેગરી ના વિદ્યાર્થી એ સરકાર શ્રી માં થી મળનારી સ્કોલરશીપ કે ફી શિપ કાર્ડ યોજના હેઠળ લાભ સિવાય તમામ 4 વર્ષ માટે અલગ થી કોઈ પણ પ્રકાર ની ફી આપવાની રહેશે નહિ.

6) કોઈ પણ નિયમનકારી પ્રાધિકરણ દ્વારા સૂચિત અને અમલવારી માટે બંધનકારક એવું રેગ્યુલેટરી ફ્રેમ વર્ક ( Regulatory Framework ) યોજના નો લાભ લેનાર "સારથિ " સ્કોલર/વિદ્યાર્થી ઓ ને લાગુ અને બંધન કારક રહેશે. જો કોઈ કિસ્સા માં સરકાર શ્રી અથવા સ્ટેટ્યૂટરી ઓથોરિટી દ્વારા સૂચિત નિયમ કે પ્રાવધાન સ્કીમ માં વિરોધાભાસી જણાશે તો તેવા કિસ્સા માં સ્કીમ ના પ્રાવધાન ને અંશતઃ બદલ કરી સરકાર શ્રી અથવા તેની એજંસી પ્રમાણે સ્કીમ માં બદલાવ કરવામાં આવશે અને તે "સારથિ " સ્કોલર/વિદ્યાર્થી ઓ એ માન્ય રાખવાના રહેશે

Dr. Jivraj Mehta Institute of Technology
Mogar
Anand

7) "સારથિ" સ્કોલર અથવા સંબંધીત વિદ્યાર્થી દ્વારા ઇન્સ્ટિટ્યૂટ ને જાણ કરી સ્યોરિટી બોન્ડ ( જામીનગિરી ખત ) ની જવાબદારી પૂર્ણ કરી , સ્કોલરશીપ ની રકમ સંસ્થા /ઇન્સ્ટિટ્યૂટને પરત કરી અન્યત્ર કોલેજ માંએડમિશન લેવા બાબતે ઇન્સ્ટિટ્યૂટ ને કોઈ વાંધો નથી તથા સ્કોલરશીપ ની રકમ પરત મળ્યા બાદ ઇન્સ્ટિટ્યૂટ તરફ થી વિદ્યાર્થીએ અરજી કર્યા બાદ વિદ્યાર્થીને આ બાબત નું "ના વાંધા પ્રમાણપત્ર" ( No Objection Certificate )આપવમાં આવશ.અર્થાત વિદ્યાર્થી ઇન્સ્ટિટ્યૂટને અગાઉ જાણ કર્યા વિના, એઆઇસીટીઇ (AICTE ) અથવા ભારતની કોઈ સક્ષમ ઓથોરિટી દ્વારા મંજૂર કરેલી, કોઈપણ અન્ય કોલેજ માં પ્રથમ વર્ષ માં પ્રવેશ લેશે નહિ અથવા પ્રવેશ ની પુષ્ટિ ( Confirm ) કરશે નહિ.

7. „"સારથિ " „ સ્કોલરશીપ યોજના અંતર્ગત શરતો ને આધીન રહી , અપાનાર સ્કોલરશીપ ની રકમ સિવાય ના લાભ / સગવડતાઓ ( privileges ) વિદ્યાર્થીઓ ને વધારે સક્ષમ તેમજ આત્મા નિર્ભર બનાવવા માટે ની સહાય /મદદ હોય, આવા લાભો / સુવિધાઓ ને સંસ્થા (CENT ) કે DJMIT ની જવાબદારી ઓ ગણી ( Obligations ઓર Responsibilities ) શકાશે નહીં કે તેને અધિકાર ( right ) ગણી તેની અમલબજાવણી માટે „"સારથિ " „ સ્કોલર સક્ષમ કોર્ટ કે અન્ય લીગલ ફોરમ માં જઈ શકશે નહી તેમજ લાભો / સુવિધાઓ માટે „"સારથિ " „ સ્કોલર ને લાભો / સુવિધાઓ નો દાવો કરવાનો કે દાદ માંગવાનો અધિકાર રહેશે નહિ.

8. DJMIT વિદ્યાર્થી કે સંસ્થા કે બંને ના હિત માં સ્કીમ માં જરૂર જણાયે અથવા સમયાંતરે અથવા PRC ની ભલામણ થયે થી યોગ્ય ફેરફાર કશે તો તેવા ફેરફાર વિદ્યાર્થી એ માન્ય રાખવાના રહેશે .તથાપિ એક વાર કરાર પત્ર સ્વાક્ષરિત કાર્ય બાદ તેની શરતો માં , સરકાર શ્રી ની કે તેમની મનોનિત એજંસી દ્વારા સૂચિત, ના હોય તેવા કિસ્સા માં , DJMIT કે વિદ્યાર્થી દ્વારા સંયુક્ત ( mutual ) સહમતી સિવાય કોઈ બદલાવ થઇ શકશે નહીં . બંને પાર્ટી પૈકી કોઈ પણ પાર્ટી સક્ષમ કોર્ટ માં જઈ શકશે નહિ પરંતુ કોઈ પણ પ્રશ્ન નું સમાધાન DJMIT ના એક અને સ્કૂલ મેનેજમેન્ટ ના એક એમ બે સદસ્ય ની કમિટી દ્વારા કરવાનું રહેશે. તથા સદર પ્રસ્તાવિત બે સદસ્ય કમિટી ના નિર્ણય ને બંને પાર્ટી એ માન્ય રાખવાનો રહેશે તેમ જ તેના નિર્ણય ની વિરુદ્ધ સક્ષમ કોર્ટ કે અન્ય લીગલ ફોરમ માં જઈ શકશે નહી .

9. **<u>સ્કોલરશીપ માટે અરજી અને રજીસ્ટ્રેશન</u>** - ઇચ્છુક , રસ ધરાવતા વિદ્યાર્થીઓ એ 31/12/2020 અથવા તે પહેલાં શાળાના પ્રિન્સિપાલ શ્રી ની ભલામણ સાથે , www.djmit.ac.in વેબ સાઇટ પર ઉપલબ્ધ નિયત ફોર્મેટમાં diradmin@centanand.org પર અરજી કરવી જો જરૂરી હોય તો પ્રવેશ પરીક્ષાની તારીખને અલગથી સૂચિત કરવામાં આવશે

10. **<u>"સારથિ" હેલ્પ ડેસ્ક</u>** - કોઈપણ રસ ધરાવતા વિદ્યાર્થી, શાળાઓ, આચાર્યો, માતાપિતા, શિક્ષકો "સારથિ" યોજનાઓના કોઈપણ સંરક્ષકો( Patrons) અથવા "સારથિ" કોઓર્ડિનેટર શ્રી હિરેન તલાટી મોબાઈલ 99250 47674 or 95865 11674 - અથવા DJMIT વેબ સાઇટ પર "સારથિ" સેલની સૂચિમાંથી DJMIT ના વોલન્ટિયર્સ વિદ્યાર્થીઓ નો સંપર્ક કરી શકે છે

Manish Mehta
12/17/20

ડૉ. મનિષ મેહતા (પી એચ ડી)
પ્રિન્સિપાલ , DJMIT આણંદ

Dr. Jivraj Mehta Institute of Technology
Mogar
Anand